## કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ થશે

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણી રવિવારે તા. ૧૦મી જાન્યુઆરીએ સવારે ૯.૩૦ કલાકે સુરત જિલ્લાના સઠવાવ ખાતેથી માંડવી અને માંગરોળના આદિજાતિ વિસ્તારોને સિંચાઈની સુવિધા પૂરી પાડતી રૂ. ૫૭૦ કરોડની કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજનાનો લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી રૂપાણીએ રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં ડુંગરાળ પ્રદેશમાં વસેલા ગામોને સિંચાઈ માટેની પૂરતી સુવિધા મળી રહે તે માટે વિષમ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા આવા વિસ્તારોમાં લિફ્ટ ઈરિગેશન-ઉદવહન સિંચાઈ યોજનાથી જળ સમૃદ્ધિ આપવાની નિર્ણાયક પ્રતિબદ્ધતા દર્શાવેલી છે. આ કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત ૩૨ કિલોમીટર લંબાઈમાં માઈલ્ડ સ્ટિલ પાઈપ બિછાવીને ૩૭ માળ જેટલાં મકાનની ઊંચાઈએ પાણી લિફ્ટ કરીને માંડવી તાલુકાના ૬૧ તથા માંગરોળ તાલુકાના ૨૮ મળી ૮૯ ગામોની ૪૯,૫૦૦ એકર જમીનને સિંચાઈ માટે પાણી પહોંચાડવામાં આવશે. ૨૯,૦૦૦ જેટલાં આદિજાતિ ખેડૂત પરિવારોને સિંચાઈ માટે આ પાણીનો લાભ મળવાનો છે.

મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થનારી આ લિફ્ટ ઈરિગેશન સ્કીમ ના પરિણામે ૩ મધ્યમ ડેમ, ૨ મોટા તળાવો અને ૩૦ ચેકડેમ તેમજ ૬ કોતરોમાં જળસંગ્રહ થવાથી આ આદિજાતિ વિસ્તારોમાં પાણીના સ્તર ઊંચા આવશે. આ લોકાર્પણ અવસરમાં રાજ્યના વન અને આદિજાતિ વિકાસ મંત્રી ગણપત વસાવા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર તેમજ ભારતીય જનતાપાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી.આર.પાટીલ, બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા તથા સુરતના સાંસદ દર્શનાબહેન જરદોશ સહભાગી થશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના આદિજાતિ કલ્યાણ અભિગમ સ્વરૂપે ૨૦૧૬ થી ૪ વર્ષમાં રાજ્યના ૧૪ જિલ્લાના ૫૪ આદિજાતિ તાલુકાઓમાં સિંચાઈ સુવિધાના નાના મોટા ૧૬૪૧ કામો દ્વારા ૪,૨૪,૫૦૦ એકર જમીનને સિંચાઈ સુવિધા મળી છે

## કમોસમી વરસાદથી કેરીના પાકને નુકશાનની શક્યતા

સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલ વિસ્તારમાં વાદળ છાયા વાતાવરણ વચ્ચે પવનના સુસવાટા સાથે કમોસમી વરસાદ પડતાં કેરી પકવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આ માવઠાથી ખાસ કરીને કેરી, શાકભાજી, જુવાર તેમજ ઘઉં સહિતના ઊભા પાકોને મોટું નુકસાન થવાની સંભાવના છે. ગત રાત્રે સુરત જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શુક્રવારે રાત્રે અચાનક કમોસમી માવઠું થયું હતું. મહુવા તાલુકાનાં અનાવલ પંથકમાં પડેલા વરસાદી ઝાપટાંએ ખેડૂતોની ઊંઘ ઉડાડી દીધી હતી. ચાલુ વર્ષે આંબાઓ પર મોટા પ્રમાણમાં આમ્રમંજરીઓ આવી હોય ખેડૂતોને કેરીનો પાક સારો ઉતરવાની આશા હતી. પરંતુ થોડા દિવસ અગાઉ થયેલા કમોસમી માવઠા બાદ ગતરોજ ફરીથી માવઠું થતાં મોટા ભાગનો મોર કાળો થઈ ગયો છે.

### આગના લીધે ફાયર વિભાગ દોડતું થયું

# બારેજાની મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલમાં આગથી હાહાકાર

### આગની લપેટમાં હોસ્પિટલનો બીજો માળ આવ્યો, બળતી આગના દૃશ્યો જોઈને રસ્તા પર લોકોનાં ટોળે ટોળા વળ્યા

અમદાવાદ,તા.૯

અમદાવાદ રાજ્યમાં હૉસ્પિટલો માથે જાણે કે આગની ઘાત બેસી ગઈ હોય તેમ એક પછી એક હૉસ્પિટલોમાં આગની ઘટના સામે આવી રહી છે. દરમિયાન આજે ભરબપોરે અમદાવાદ શહેરની વધુ એક હૉસ્પિટલ આગની લપેટમાં આવી ગઈ હતી. અમદાવાદના બારેજા વિસ્તારમાં મેઈન રોડ પર આવેલી મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલમાં આગ લાગતા લોકોના જીવ અદ્ધર થઈ ગયા હતા. બનાવની વિગતો એવી છે કે અમદાવાદના બારેજા વિસ્તારમાં આસ્થા મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ આવેલી છે. આ હૉસ્પિટલનો ઉપરનો માળ શેડેડ હોવાનું જણાય છે જેમાં આજે આગ ભભૂકતી ઊઠી હતી. આગની જવાળાઓ દૂર દૂર સુધી ફેલાઈ જતા લોકો એકઠા થઈ ગયા હતા. તેવામાં રેસ્ક્યૂ માટે ફાયરના લાશ્કરો પણ આવી પહોંચ્યા હતા. જોકે, આ હૉસ્પિટલની આગ દેખાવમાં વિકરાળ હોવા છતાં તેમા જાનહાનિના સમાચાર મળ્યા નથી જેના કારણે હાલ પૂરતો તો તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે પરંતુ હૉસ્પિટલની આગને એક સમય માટે તંત્રને દોડતું કરી દીધું હતું.

હૉસ્પિટલના બીજા માળે દેખાતા પતરાના શેડમાંથી આગના ધૂમાડા અને વિકરાળ જવાળાઓ જોઈને રાહદારીઓના જીવ અદ્ધર થઈ ગયા હતા. સૌને મોટું અમંગળ થઈ જવાની ભીતિ હતી પરંતુ ઘટનામાં કઈ પણ જાનહાનિના અહેવાલ ન આવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અમદાવાદ, રાજકોટ, વડોદરા, જામનગર, સહિત રાજ્યની અનેક શહેરોની કોવિડ હૉસ્પિટલો આગની લપેટમાં આવતા અત્યારસુધીમાં કેટલાય નિર્દોશ દર્દીઓ બળીને ભડથું થઈ ગયા છે. આ મામલે સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી પણ કાઢી હતી અને સરકારને તાકીદ કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી રૂપાણીએ રાજ્યની નવી ફાયર પોલિસી પણ ઘડી કાઢી છે આગામી ૨૬મી જાન્યુઆરીથી રાજ્યમાં લાગુ કરવાની જાહેરાત પણ કરી દીધી છે.

## છેલ્લે... છેલ્લે...

- લદાખમાં એલએસીના ભારતીય ક્ષેત્રમાં એક ચીની સૈનિકની ધરપકડ.
- ટ્વીટરે ડોનાલ્ડ ટ્રમ્પની આખી ટીમના એકાઉન્ટ સસ્પેન્ડ કર્યા.
- અમદાવાદમાં ૬૦ ટકાથી વધુ વાલીઓએ તેમના સંતાનોને સ્કૂલે મોકલવા સંમતિ આપી.
- ડોનાલ્ડ ટ્રમ્પના ફેસબુક, ઈન્ટાગ્રામ અને ટ્વીટર એકાઉન્ટ લોક કરાયા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨મીએ રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે સંબોધન કરશે.
- જૂનાગઢ પાસે ૫૦ કાગડા મૃત હાલતમાં મળ્યા.

## પ્રાંતિજના પોગલુ ખાતે પીલુદા તાલુકા પંચાયતના પેજ પ્રમુખો કમીટીના સભ્યોની મીટીંગ યોજાઈ

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ વારાહી શક્તિ પીઠ મંદિર ખાતે આજે પીલુદા તાલુકા પંચાયતના પેજ પ્રમુખો કમીટીના સભ્યોની મીટીંગ યોજાઈ હતી.

પ્રાંતિજના પોગલુ ખાતે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણને લઈને પીલુદા તાલુકા પંચાયતના પેજ પ્રમુખો તથા કમિટીના સભ્યોની મીટીંગ જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરની અધ્યક્ષતા યોજાઈ હતી જેમાં જિલ્લા ભાજપા ઉપપ્રમુખ રણજીતસિંહ રાઠોડ, અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રદેશ મહામંત્રી મહંત સુનિલદાસજી મહારાજ, મોયદ જિલ્લા પંચાયત પેજ પ્રમુખ ઇન્ચાર્જરાજુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ઉપપ્રમુખ નિર્ભયસિંહ રાઠોડ, તાલુકા મહામંત્રી અર્જુનસિંહ મકવાણા અને લલીતભાઈ પટેલ, ચૂંટણી ઈન્ચાર્જ કુણાલભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ પટેલ, જિલ્લા ભાજપા બક્ષીપંચ મોરચા પ્રમુખ રણજીતસિંહ રાઠોડ, તાલુકા પંચાયત સદસ્ય ડાયાજી મકવાણા, જિલ્લા ભાજપા કિસાન મોરચાના ઉપપ્રમુખ રમેશભાઈ પટેલ, પોગલુ ગામના સરપંચ રમીલાબેન પટેલ, કિશનસિંહ તથા તમામ પેજ પ્રમુખો અને તાલુકાના હોદ્દેદારો તથા તમામ સક્રિય કાર્યકર્તા ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સભા સંચાલન અનુજ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મોડાસા જાયન્ટ્સ પરિવારે જરૂરિયાતમંદ બાળકો અને વૃધ્ધોને સ્વેટર અને ધાબળાની હૂંફ

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં સતત કમોસમી વરસાદ બાદ વાતાવરણમાં પારો નીચે ઉતરતા હાડ થીજવતી ઠંડીથી બચવા લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે. મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓમાં અગ્રેસર રહેતા જાયન્ટ્સ પરિવારે શહેરના જરૂરિયાતમંદ બાળકો અને વૃધ્ધોને ઠંડી સામે રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સ્વેટર અને ધાબળાનું વિતરણ કરી માનવતાની હૂંફ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

જાયન્ટસ મોડાસાએ બાળકો ને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોડાસા જાયન્ટ સતત જરૂરિયાતમંદ લોકો માટે કામ કરતું રહ્યું છે. હાલ ઠંડીની સીઝનમાં બાળકો વૃદ્ધો ઠંડીથી ધ્રુજી રહ્યા છે ત્યારે જાયન્ટસ ઝોન ઉપપ્રમુખ નિલેશ જોશીએ જરૂરિયાતમંદો માટે સહાયરૂપ કઈ રીતે થઈ શકે તે અંગે જાયન્ટ્સ પરિવારના સદસ્યો સાથે વિચાર વિમર્શ કરી સ્વેટર અને ધાબળા આપવાનું નક્કી કરી શહેરના માલપુર રોડ ઉપર પંડ્યા વાસ, તેમજ આજુબાજુના વિસ્તારના

બાળકોને સ્વેટર અને વૃદ્ધોને ધાબળા વિતરણ કરતા બાળકો અને વૃધ્ધોમાં આનંદ છવાયો હતો, આ સેવાકીય પ્રવૃત્તિમાં ટ્રસ્ટી નિલેશ જોશી, જાયન્ટના પ્રમુખ નરેન્દ્ર પટેલ, જાયન્ટના મંત્રી પ્રવીણ પરમાર અને સભ્યો અમિત કવિ, ગીતાબેન પટેલ અને પીઢ પત્રકાર ભરત કડિયા પણ જોડાયા હતા. પંડયા વાસના આગેવાનો જાયન્ટ્સની સેવાકીય પ્રવૃત્તિની સરહાના કરી હતી.

# મહેસાણા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનોનો પ્રારંભ

### પૂર્વ મખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને કિસાન અગ્રણી જીવણભાઇ પટેલના અવસાના પગલે શ્રધ્ધાંજલી સાથે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું

મહેસાણા, તા. ૯

મહેસાણા શહેર ટાઉનહોલ ખાતે કિસાન સૂર્યોદય યોજનાના પ્રારંભ સમયે રાજ્યસભા સંસદ સભ્ય જુગલજી ઠાકોરે જણાવ્યું હતું કે કૃષિ પ્રધાન એવા ભારત દેશમાં જયારે અર્થતંત્રનું મહત્વનું

પાસુ ખેતી પર આધારીત હોય ત્યારે ખેતીમાં બદલાવ અને ક્રાંતિએ મહત્વનું અને આવશ્યક બની રહે છે. આજ બાબતને ધ્યાને લઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી થાય તે હેતુસર અનેક ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. જે પૈકી હાલમાં જ ક્રાંતિકારી યોજના કિશાન સૂર્યોદય યોજના જાહેર કરી આ વિકાસ કુચને વેગવાન બનાવ્યો છે. આજ રીતે ખેડૂતોના આર્થીક વિકાસ માટેના માર્ગને આગળ વધારવાના હેતુને અગ્રેસર રાખી રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ સાત પગલા ખેડૂત કલ્યાણના યોજનાને અમલી બનાવી છે.

રાજ્યસભા સંસદ સભ્ય જુગલજીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ખેતી માટે રાત્રીના સમયે વિજળી ઉપલબ્ધ હોવાના કારણે રાત્રીના ઉજાગરા સાથે ઠંડી, ગરમી અને ચોમાસા જેવી ઋતુઓના વિપરીત સંજોગોમાં પણ ખેતીકામ કરવું અનિવાર્ય બની રહેતું હતું. વન્ય જીવજંતૂના ભયના ઓથાર સાથે અનેક મૂશ્કેલીઓ વેઠીને પણ ખેતી કાર્ય કરવા ખેડૂતો મજબુર હતા. પરંતુ રાજયમાં કૃષિની વિકાસકૂચને આગળ ધપાવવા અને ખેડૂતોના આર્થીક અને સામાજિક ઉત્થાનના નિર્ધારીત લક્ષ્યાંકને સિધ્ધ કરવા દુરંદેશી અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કિશાન સૂર્યોદય યોજનાની અમલવારી રાજયમાં શરૂ કરાવેલ છે. ખેડૂતો માટે નવા યુગના પ્રારંભ સમાન આ યોજના અન્વયે ખેડૂતોને દિવસ દરમિયાન વિજળી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રાજ્યમાં રૂા. ૩૫૦૦ કરોડના માતબર રકમના ખર્ચે ૬૬ કે.વી.ની ૩૪૯૦ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઈનો તથા ૨૨૦ કે.વી.ના ૯ નવા સબસ્ટેશનો થકી ગુજરાતનું વિજ માળખું વધુ સુદ્રઢ બનાવવામાં આવનાર છે.

આ યોજનાના અમલીકરણથી કહી શકાય કે ખરેખર વર્ષનો ૨૦૨૧નો પ્રારંભ ખેડૂતોના ઉજવળ ભાવીનો સુર્યોદય બની રહયો છે.

મહેસાણા જિલ્લામાં ૧૦૭ ગામોને ૨૧.૩૪ મેગાવોટ વીજ પુરવઠાનું વિતરણ કરીને આ યોજનામાં સમાવેશ કરાયો છે. જેમાં મહેસાણા તાલુકાના ૧૬ ગામોને સમાવેશ થાય છે જેના માટે ૦૩ સબ સ્ટેશન અને ૯ ફીડરો પર વીજપુરવઠો પુરો પાડવામાં આવનાર છે.

# રાજ્યમાં કોરોના વાયરસના નવા ૬૭૫ કેસ જોવા મળ્યા

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે સામાન્ય થતી જાય છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૭૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૭૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૬૭૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૮૫૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૮૯૬૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૫.૧૦ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી હતી.

આજે રાજ્યમાં કુલ ૪૭,૫૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૩૦.૮૬ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૧૦૧૦૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૮૮,૪૬૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૮૮,૩૫૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જયારે ૧૧૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૭૯૬૮ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૯ છે.

જ્યારે ૭૯૦૯ લોકો સ્ટેબલ છે. ૨૩૮૯૬૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૪૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૫ લોકોનાં મોત નિપજયાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, રાજકોટ કોર્પોરેશનના ૧, સુરતના ૧, વડોદરાના ૧ દર્દી સહિત કુલ ૪ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

**રાજ્યમાં કોરોનાથી કુલ ૫ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૧૦૧૦૧૦૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૮૯૬૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**

# વિરપુરના ગ્રામજનોને કરાતી કનડગતના વિરોધમાં આવેદનપત્ર

### હાંસલપુરના સરપંચ આધાર પુરાવા વગર અરજીઓ કરતા હોવાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના વિરપુરના ગ્રામજનોને કનડગત કરવાના આશયથી છેલ્લા કેટલાક સમયથી હાંસલપુરના સરપંચ તથા તેમના મળતીયાઓ ધ્વારા જે ખોટી અરજીઓ કરવામાં આવે છે તેમાં કોઈ આધાર પુરાવા ન હોવા છતા ખોટી રીતે ઉગરાણા કરતા હોવાના આક્ષેપ સાથે ગુરૂવારે વિરપુરના ગ્રામજનો ધ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં આધાર પુરાવા વગરની અરજીઓ ધ્યાને ન લેવા માટે વિનવણી કરાઈ છે.

આ અંગે વિરપુરના ગ્રામજનો ધ્વારા અપાયેલા આવેદન પત્રમાં જણાવાયા મુજબ એક જ નામથી વારંવાર કરાતી અરજીઓ પાછળ કેટલાક તત્વો ઉગરાણી કરતા હોવાનું જણાવાયુ છે. આવા ઈસમો પાસે ઘઉંચરના રેકર્ડ અંગેના પુરાવા મેળવવા જોઈએ તેમજ હાંસલપુરના સરપંચ તરફથી પણ અરજીઓ કરાઈ રહી છે.

ગામના જ એક વ્યક્તિ મારફતે વારંવાર ગોચરના આક્ષેપો કરીને તંત્રને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યુ છે. જોકે ગોચર બાબતે બીઈએલઆર કચેરી મારફતે તેયાર કરાયેલી માપણી સીટમાં ક્યાય ગોચર ન દશવાયુ હોવા છતા આ પ્લોટની ચોક્કસ જગ્યાઓ અંગે અરજી દરમિયાન કોઈ પુરાવા રજુ કરાતા નથી જેને લઈને વિરપુર ગામની આબરૂ ઓછો થઈ રહી છે.

ગ્રામજનોને હેરાન કરવાના આશયથી દરરોજ કેટલાક ઈસમો સરકારની વિવિધ કચેરીઓમાં લેખિત અને મૌખિક રજુઆતો કરીને સમય બગાડી રહ્યા છે. તથા તેમની સામે કોઈ પગલા લેવાતા નથી આ બધી અરજીઓ અંગે કર્મચારીઓને તપાસ કરવા માટે અન્ય કામો પડતા મુકવા પડે છે. જેને લઈને સમયનો વ્યય થઈ રહયો છે. આધાર પુરાવાઓ વગર થઈ રહેલી અરજીઓને લઈને ગામના અન્ય જરૂરીયાત મંદોને સરકારની યોજનાઓ મુજબ પ્લોટથી વંચિત રહેવાનો વખત આવ્યો છે.

જે લોકોને પ્લોટ મળ્યા છે. તે લોકોના પ્લોટ ખાલસા કરાવવા માટે કેટલાક લોકો હવનમાં હાડકા નાખી રહ્યા છે. જેના લીધે ગામમાં રોષ વ્યાપ્યો છે. સાથોસાથ હાંસલપુરના સરપંચ અને તેમના મળતીયાઓ જે વિક્ષેપ ઉભા કરી રહ્યા છે તેના લીધે બંને ગામ વચ્ચે વેમનસ્ય પેદા થઈ રહયુ છે જેથી આ અંગે તંત્ર ધ્વારા તપાસ કરીને યોગ્ય કાર્યવાહી થાય તેમ વિરપુરના ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

### સંઘના જીવણદાદા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સાંજે ૪ વાગે બલરામભવનથી તેમની અંતિમ યાત્રાનો આરંભ થયો હતો. સે. ૩૦ના મુક્તિધામ ખાતે તેમની અંત્યેષ્ઠી વિધિ સંપન્ન કરાઈ હતી. સ્વ. જીવણદાદા છેલ્લા થોડાક વર્ષોથી સજીવ ખેતી અને પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે રાજ્યભરમાં પ્રવાસ કરતા હતા. તેમણે ખેડૂતોના વીજળીના તેમજ સિંચાઈના પ્રશ્નો બાબતે સરકારમાં ઉગ્ર રજુઆતો કરી હતી.

### નવા ૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૯૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાંથી ૮૫ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

### ॥ શુભ મંગલ ॥... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરવાના છે પરંતુ એ પહેલા જ દેશભરમાં વેક્સીનેશન મિશન શરુ કરવા એલાન કરી દેવાયું હતું. આ સિવાય સત્તાધીશ ભાજપ લોકો વચ્ચે કોરોના વેક્સિનને લઈને આશંકાઓને દૂર કરવા માટે મોટાપાયે મિશન શરુ કરવાની તૈયારી કરી રહ્યું છે.

કોરોના રસીકરણ માટે સરકારમાં નોંધણી કરવી જરુરી છે. જે માટે લાભાર્થીઓએ આધાર કાર્ડ, મતદાન ઓળખ પત્ર, ડ્રાઈવિંગ લાયસન્સ, પેન કાર્ડ, મનરેગા જોબ કાર્ડ, કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા જારી સર્વિસ આઈડી કાર્ડ, પાસપોર્ટ, આરજીઆઈ દ્વારા જારી સ્માર્ટ કાર્ડ, પેન્શન ડોક્યુમેન્ટ્સ વિથ ફોટો, પોસ્ટ ઓફિસ કે બેંકની પાસબુક ફોટો સાથે વગેરે દસ્તાવેજો માન્ય રહેશે. આ સાથે સરકારે રસીકરણ નોંધણી માટે એક ફ્રી હેલ્પલાઈન નંબર ૧૦૭૫ પણ જાહેર કરેલ છે.

### રાષ્ટ્રપતિની વિનંતી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલ્સોનારોએ તેમના પત્રમાં લખ્યું છે કે અમે ભારતના રસીકરણ કાર્યક્રમને જોખમમાં મૂક્યા વિના બ્રાઝિલના નેશનલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામને ઝડપથી લાગૂ કરવા માટે ૨૦ લાખ ડોઝની સપ્લાયની અમે આશા રાખીએ છીએ. વાત એમ છે કે તાજેતરમાં જ એવા સમાચાર આવ્યા હતા કે સરકારી ફાયોક્રૂઝ મેડિકલ સેન્ટરના મતે વેક્સિનને તૈયાર કરવાની જરૂરી વસ્તુ આ મહિનાના અંત સુધી આવી શકશે નહીં.કેન્દ્રને આશા હતી કે શનિવાર સુધીમાં સરકારને વેક્સિન આપવા માટે શિપમેન્ટ આવી જશે. તેમના કહેવા પ્રમાણે ભારતને પહેલેથી જ ઑર્ડર કરવામાં આવેલ ૨૦ લાખ ડોઝ સિવાય અને બીજા ડોઝના આયાત પર વાતચીત ચાલી રહી છે.

આ અંગે એક સૂત્રએ કહ્યું છે કે બ્રાઝિલને સામાન મોકલવા માટે તૈયાર છે પરંતુ ચીનથી નિકાસ લાઈસન્સની રાહ જોવામાં આવી રહી છે, જ્યાં તેનું ઉત્પાદન થાય છે. ઉલ્લેખનીય છે કે બોલ્સોનારોનો કોરોના વાયરસની વિરૂદ્ધ પ્રહારો કરી રહ્યા છે. એટલે સુધી કે તેમણે એ આશંકા વ્યક્ત કરી છે કે અમેરિકન કંપની ફાઈઝર અને તેમની જર્મન પાર્ટનર બાયોએનટેકની રસીથી લોકો મગરમચ્છ કે દાઢીવાળી મહિલાઓમાં ફેરવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે બોલ્સોનારો એ મહામારીની શરૂઆતથી જ તેની ગંભીરતા નકારી રહ્યા છે.

### વિમાન લાપતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રડાર પર આ વિમાનને ૧૦ હજાર ફૂટની ઉંચાઈ માત્ર એક મિનિટમાં ગુમાવતા ટ્રેક કરાઈ છે. જે પછીથી કોઈ અજુગતુ થવાની આશંકા વધી ગઈ છે. જો કોઈ આટલી ઝડપી વિમાન નીચે આવે છે તો તેના ક્રેશ થવાની સંભાવના વધી જાય છે.

આ બાજુ ઈન્ડોનેશિયા સરકારે બચાવ કાર્ય માટે રાહત ટીમોને સક્રિય કરી દીધી છે. ઈન્ડોનેશિયા પરિવહન મંત્રાલયના પ્રવક્તા અદિતા ઈરાવતિએ કહ્યું કે બોઈંગ ૭૩૭-૫૦૦ વિમાન બપોરે લગભગ ૧.૫૬ કલાકે જકાર્તાથી ટેકઓફ થયું હતું. અને લગભગ ૨.૪૦ કલાકે તેનો સંપર્ક તૂટી ગયો છે. તેમણે એક નિવેદનમાં કહ્યું કે રાષ્ટ્રીય શોધ અને બચાવ એજન્સી અને રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા સમિતિની સાથે સમન્વય સ્થાપિત કરીને ગુમ વિમાનને લઈને તપાસ કરાઈ રહી છે.

જકાર્તાથી જે વિમાન ગાયબ થયું છે તે પણ બોઈંગ ૭૩૭ મૈક્સ સીરીઝનું બતાવાઈ રહ્યું છે. આ વિમાનની સુરક્ષાને લઈને પહેલા પણ સવાલો ઊભા થયા હતા. સમાચાર તો એવા પણ આવી રહ્યા છે કે બોઈંગ આ વિમાનનું પ્રોડક્શન સુદ્ધા બંધ કરવાનું વિચારી રહી છે. સૌથી મોટી સમસ્યા આના એન્જિનમાં છે.

ભલે પેટ્રોલની બચત થાય છે પરંતુ એન્જિન સમસ્યા ને કારણે તેની રફતાર ઘટી શકે છે. અને આ વિમાન બંધ થઈ શકે છે. આ સમસ્યાના નિરાકરણ માટે કંપનીએ એક સ્ઝછજી નામનું સોફ્ટવેર વિમાનમાં લગાવ્યું છે. પરંતુ ઘણી વખત આ સોફ્ટવેર પણ ખોટું દિશાનિર્દેશ કરી દે છે. જેને કારણે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાની સંભાવના વધી જાય છે.

### હોસ્પિટલમાં આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડો.ખંડાતેએ વધુમાં જણાવ્યું કે, 'આ અકસ્માત રાત્રે બે વાગ્યાની આસપાસ બન્યો છે. હોસ્પિટલના આઉટ બોર્ન યુનિટમાં ધુમાડો નીકળતો હતો. જ્યારે હોસ્પિટલની નર્સે દરવાજો ખોલ્યો ત્યારે આઉટ બોર્ન યુનિટમાં બધે ધુમાડો હતો. અધિકારીના જણાવ્યા પ્રમાણે નર્સ તરત જ હોસ્પિટલના અધિકારીઓને બોલાવ્યા હતા. ઈમરજન્સી વિભાગ અને ફાયર વિભાગ ઘટનાસ્થળે પહોંચી બાળકોને બચાવવા પ્રયાસ કર્યા હતા. જોકે, આ દુર્ઘટનામાં ૧૦ શિશુઓના મોત નીપજ્યા હતા, જ્યારે ૭ શિશુઓને બચાવી લેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ વિભાગમાં આઉટ બૉર્ન અને ઈન બૉર્ન એમ બે વિભાગ છે. જેમાં ઈન બૉર્ન વિભાગના સાત નવજાત શિશુ સુરક્ષિત છે, જ્યારે ૧૦ નવજાતનાં મોત થયા છે. આ જાણકારી સિવિલ સર્જન પ્રમોદ ખંદાતે આપી હતી. મહારાષ્ટ્રના ભંડારા જિલ્લા હૉસ્પિટલમાં આગનો બનાવ ખૂબ કમનસીબ છે. આ ઘટનાથી આઘાત લાગ્યો છે. મૃતકોને શ્રદ્ધાંજલિ અને તેમના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. ભગવાન મૃતકોનાં પરિવારજનોને આ દુ:ખની ઘડીમાં હિંમત આપે. વાતચીત કરતા એક ડૉક્ટરે જણાવ્યું હતું કે, મોતને ભેટેલા બાળકોની ઉંમર એક મહિનાથી લઈને ત્રણ મહિના સુધીની હતી. જે શહેરમાં આ બનાવ બન્યો છે તે ભંડારા મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી ૯૦૦ કિલોમીટર દૂર આવેલું છે. નોંધનીય છે કે મહારાષ્ટ્રમાં હૉસ્પિટલોમાં આગની ઘટના નવી વાત નથી. ગત વર્ષે સપ્ટેમ્બરમાં રાજ